માંગરોળમાં 3 દિવસમાં આખી સિઝનનો 103% વરસાદ

સોમનાથ-દ્વારકા હાઈવે ધોવાતા વાહન વ્યવહાર ઠપ્પ

ગાંધીનગર : ગુજરાતમાં મેઘરાજાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, જેમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં આભ ફાટતાં જળપ્રલય જેવી સ્થિતિ સર્જાઈ છે. જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં માત્ર 3 દિવસમાં સિઝનનો 103% (22 ઇંચથી વધુ) રેકોર્ડબ્રેક વરસાદ ખાબકતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદ અને નદીઓના પૂરના કારણે સોમનાથ-પોરબંદર-દ્વારકા નેશનલ હાઈવે-51 પર હુસૈનાબાદ નજીક 40 ફૂટ જેટલું મોટું ધોવાણ થતાં હાઈવે બંધ કરી દેવાયો છે. જૂનાગઢ, રાજકોટ અને અમરેલી જિલ્લામાં સ્થિતિ અત્યંત ગંભીર બનતાં તંત્ર દ્વારા હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.ભારે વરસાદને કારણે જૂનાગઢ જિલ્લાના 22 ગામોનો સંપર્ક તૂટી ગયો છે, જ્યારે અમરેલીના જાફરાબાદમાં દરિયો તોફાની બનતાં 700થી વધુ બોટોને સુરક્ષિત રીતે લાંગરી દેવામાં આવી છે.

રાજ્યનો સરેરાશ વરસાદ

» સિઝનનો સરેરાશ ૧૩.૨૭% વરસાદ નોંધાયો » દક્ષિણ ગુજરાતમાં ૧૭.૧૧% વરસાદ પડી ગયો » સૌરાષ્ટ્રમાં ૧૫.૩૮% વરસાદ થયો છે » કચ્છમાં માત્ર ૦.૪૦% વરસાદ નોંધાયો છે

રાજ્યમાં 6 નવી DEO કચેરીઓ શરૂ

ઇનચાર્જ અધિકારીઓની નિમણૂક

ગાંધીનગર : રાજ્ય સરકારના શિક્ષણ વિભાગએ મોટા જિલ્લાઓમાં શિક્ષણ વહીવટને વધુ અસરકારક બનાવવા માટે રાજ્યમાં 6 નવી જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરીઓ શરૂ કરી છે. નવી કચેરીઓ માટે ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારીઓની નિમણૂક અંગે શિક્ષણ વિભાગે સત્તાવાર હુકમ જાહેર કર્યો છે. રાજ્ય સરકારના નિર્ણય મુજબ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, કચ્છ, રાજકોટ અને સુરત જિલ્લામાં નવી DEO કચેરીઓ કાર્યરત થશે. આ પગલાથી હાલની જિલ્લા કચેરીઓ પરનો વહીવટી ભારણ ઘટશે તેમજ શિક્ષણ સંબંધિત કામગીરી વધુ ઝડપથી અને અસરકારક રીતે થઈ શકશે.

નવા શિક્ષણાધિકારીની નિમણૂક

નામ	ક્યાં હતાં	ક્યાં બદલી
રોહિત ચૌધરી	અમદાવાદ-શહેર	અમદાવાદ (શહેર) પૂર્વ
ભગવાન પ્રજાપતિ	ગાંધીનગર	ગાંધીનગર (ગ્રામ્ય)
મહેશકુમાર આર. પાંડે	વડોદરા	વડોદરા (ગ્રામ્ય),
સંજય પરમાર	કચ્છ	કચ્છ (અંજાર)
દિક્ષિત પટેલ	રાજકોટ	રાજકોટ (ગ્રામ્ય)
ભગીરથસિંહ પરમાર	સુરત	સુરત(ગ્રામ્ય)

TATમાં 75,980 ઉમેદવાર મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય

પુનઃચકાસણી માટે ઉમેદવારો આગામી 7 જુલાઈથી 15 જુલાઈ સુધી અરજી કરી શકશે

ગાંધીનગર : રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા 'શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક)-2026' (TAT-S)ની પ્રાથમિક પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામ મુજબ કુલ 75,980 ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય થયા છે. ઉમેદવારો બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જઈ પોતાનું પરિણામ જોઈ શકે છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત 3 મે, 2026ના રોજ TAT-(માધ્યમિક)ની પ્રાથમિક પરીક્ષા લેવામાં આવી હતી. પરિણામ મુજબ ગુજરાતી માધ્યમમાં પરીક્ષા આપનાર 1,81,520 ઉમેદવારોમાંથી 74,118 ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે પાસ થયા છે. જ્યારે અંગ્રેજી માધ્યમમાં 3,510 ઉમેદવારો પરીક્ષામાં હાજર રહ્યા હતા, જેમાંથી 1,862 ઉમેદવારો સફળ થયા છે.

બોર્ડના આંકડા મુજબ પ્રાથમિક પરીક્ષામાં 120થી વધુ ગુણ મેળવનારા ઉમેદવારોની સંખ્યા 3,628 નોંધાઈ છે.

રાજ્ય પરીક્ષા બોર્ડે OMR શીટની પુનઃચકાસણી માટે ઉમેદવારો આગામી 7 જુલાઈથી 15 જુલાઈ, 2026 દરમિયાન રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-21, ગાંધીનગર ખાતે કામકાજના દિવસોમાં સવારે 11 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી રૂબરૂ હાજર રહી 100 રૂપિયાની ફી સાથે લેખિત અરજી કરીને OMR શીટનું રિ-ચેકિંગ કરાવી શકશે.

OTP શેર કર્યો હોય અને ઠગાઇ થાય તો બેંક જવાબદાર નથી

સુરત ગ્રાહક કમિશને બેંક ઓફ બરોડા સામેની ફરિયાદ ફગાવી દીધી

સુરતઃ જ્યારે ગ્રાહક પોતાની જ બેદરકારીથી OTP તથા અન્ય ગોપનીય બેંકિંગ માહિતી અજાણ્યા વ્યક્તિને આપે છે અને તેના પરિણામે ખાતામાંથી રકમ ઉપડી જાય છે, ત્યારે બેંકને જવાબદાર ઠેરવી શકાય નહીં. સુરતમાં ગ્રાહક કમિશનને કરવામાં આવેલી એક ફરિયાદના આ ચૂકાદો આપવામાં આવ્યો હતો.

સુરતમાં રહેતા ડો. સેજલ અગ્રવાલ બેંક ઓફ બરોડામાં ખાતું ધરાવે છે. તા. ૦૮-૧૦- ૨૦૨૦ના રોજ અજાણ્યા મોબાઈલ નંબર પરથી મેસેજ તથા ત્યારબાદ ફોન આવ્યો હતો. ફોન કરનારે બેંક સંબંધિત માહિતી અપડેટ કરવાની વાત કરી હતી. ફરિયાદીએ વિશ્વાસમાં આવી જરૂરી વિગતો આપી દીધી હતી. ત્યારબાદ તેના ખાતામાંથી કુલ રૂ.૮૩,૯૭૫ની રકમ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા ઉપડી ગઈ હતી. ફરીયાદીએ સુરત જીલ્લા ગ્રાહક કમિશન (મુખ્ય) સમક્ષ ફરિયાદ દાખલ કરાવી બેંકની સેવામાં ખામી હોવાનું જણાવી પોતે ગુમાવેલ રકમ વળતર તથા અન્ય રાહત સહિત બેન્ક પાસે અપાવવાની દાદ માંગી હતી. આ કેસની સુનાવણી દરમિયાન બેંક ઓફ બરોડા તરફે એડવોકેટ શ્રેયસ દેસાઈ અને એડવોકેટ ઈશાન શ્રેયસ દેસાઈએ દલીલ કરી હતી કે ફરિયાદીએ પોતે જ અજાણ્યા વ્યક્તિને OTP તથા અન્ય ગોપનીય બેંકિંગ માહિતી આપી હોવાનું ફરિયાદમાં કબૂલ્યું હતું. OTP તથા અન્ય માહિતી અજાણી/ત્રાહીત વ્યક્તિને આપી હોવાનું એટલે કે ગ્રાહકની પોતાની બેદરકારીના પરિણામે ત્રાહીત વ્યક્તિએ નાણાં ઉપાડી લીધા હતા જેમાં બેંકની કોર બેંકિંગ સિસ્ટમમાં કોઈ ટેકનિકલ ખામી કે બેન્કની સેવામાં ક્ષતિ નહોતી. આ દલીલો ગ્રાહ્ય રાખીને સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય)ના પ્રમુખ પી.પી. મેખીયા અને સભ્ય ડો. તીર્થશભાઈ મહેતા અરજી ફગાવી દીધી હતી.

ગુજરાત પોલીસની ટેકનિકલ ભરતી લેખિત પરીક્ષા 23 ઓગસ્ટે યોજાશે

ગાંધીનગર : ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) દ્વારા વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગમાં વર્ગ-3 ટેકનિકલ કેડરની કુલ 950 જગ્યાઓ માટે ચાલી રહેલી ભરતી પ્રક્રિયા અંતર્ગત વિવિધ પોસ્ટની લેખિત પરીક્ષાની આગામી 23 ઓગસ્ટ, 2026ના રોજ રવિવારે લેવામાં આવશે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડની પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) વાયરલેસ અને ટેકનિકલ ઓપરેટરની જગ્યાઓ, PSI મોટર ટ્રાન્સપોર્ટ તેમજ હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1)ની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. ભરતી બોર્ડના જણાવ્યા પ્રમાણે ઉપરોક્ત તમામ જગ્યાઓ માટેની લેખિત પરીક્ષા 23 ઓગસ્ટે રાજ્યના નિર્ધારિત પરીક્ષા કેન્દ્રો પર યોજાશે. પરીક્ષાના અભ્યાસક્રમ, પ્રવેશપત્ર (એડમિટ કાર્ડ), પરીક્ષા કેન્દ્રો અને અન્ય જરૂરી સૂચનાઓ બોર્ડ દ્વારા તબક્કાવાર સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે.

ઇન્સ્ટાગ્રામ પોર્નોગ્રાફી અને બાળકોના જાતીય શોષણને પ્રોત્સાહન આપે છે

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ઇન્ટરનેટ અને સોશ્યલ મીડિયાનું માધ્યમ બેધારી તલવાર જેવું છે. તેનો જો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો આપણા જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય છે અને વિવેકહીન ઉપયોગ કરવામાં આવે તો સમાજનું અધઃપતન થાય છે. ફેસબુક, યુટ્યૂબ અને ઇન્સ્ટાગ્રામ જેવાં પ્લેટફોર્મો દ્વારા દાવો કરવામાં આવે છે કે તેમનાં પ્લેટફોર્મ પર અશ્લીલતાને પ્રોત્સાહન આપવામાં આવતું નથી પણ આ દાવો પોકળ પુરવાર થાય તેવી ચોંકાવનારી હકીકતો તાજેતરમાં બહાર આવી છે. બીબીસીની તપાસમાં જાણવા મળ્યું છે કે ઇન્સ્ટાગ્રામ ભારતમાં બાળ જાતીય શોષણ સામગ્રીને પ્રોત્સાહન આપતી પેઇડ જાહેરાતો ચલાવી રહ્યું છે. બીબીસી દ્વારા જોવામાં આવેલી જાહેરાતોમાં 'બળાત્કારનો વીડિયો' અને 'બાળકનો વીડિયો' જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. ટેલિગ્રામ પર ચેનલોની લિંક્સ આપવામાં આવે છે, જ્યાં તેઓ આ સામગ્રી ૯૯ રૂપિયામાં ખરીદી શકે છે. જ્યારે બીબીસીએ ઇન્સ્ટાગ્રામને આવી જ એક જાહેરાતની જાણ કરી ત્યારે સોશ્યલ મીડિયા કંપનીએ જવાબ આપ્યો કે આવી પોસ્ટ તેની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરતી નથી.

બીબીસીએ પાછળથી ઇન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપની મેટાનો જવાબ મેળવવા માટે સંપર્ક કર્યો ત્યારે તેણે કહ્યું કે તેઓએ પહેલાંથી જ ઘણી જાહેરાતો બંધ કરી દીધી છે. તેમને પોસ્ટ કરનારાં એકાઉન્ટોને સસ્પેન્ડ કરી દીધાં છે અને તેમની નીતિઓનું ઉલ્લંઘન કરતી અન્ય સામગ્રીના URL બ્લોક કર્યા છે. ટેલિગ્રામે કહ્યું કે વર્ષ ૨૦૨૬ માં તેણે બાળ જાતીય શોષણ અને હિંસક સામગ્રી સંબંધિત ૨ લાખ ૭૪ હજાર જૂથો અને ચેનલોને દૂર કર્યા છે. ભારતમાં બાળ જાતીય શોષણ અને હિંસક સામગ્રી અને પુખ્ત વયનાં લોકો માટે પોર્નોગ્રાફીનો પ્રચાર ફોજદારી ગુનો છે. મેટાની નીતિ જણાવે છે કે જાહેરાતો પુખ્ત વયનાં ગુપ્તાંગ અથવા નગ્નતાનું ચિત્રણ કરી શકતી નથી. એવી કોઈ પણ સામગ્રી, જે બાળકોનું જાતીય શોષણ કરે છે અથવા તેમને જોખમમાં મૂકે છે, તેને પણ મેટાનાં કોઈ પણ પ્લેટફોર્મ પર દર્શાવી શકાતી નથી. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ મદન લોકુરે જણાવ્યું હતું કે તેમને ચિંતા છે કે ઇન્સ્ટાગ્રામ ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ થઈને પૈસા કમાઈ રહ્યું છે.

બીબીસીને જાણવા મળ્યું હતું કે ઇન્સ્ટાગ્રામ યુઝરને સેક્સ્યુઅલી ઉત્તેજક સામગ્રી બતાવી રહ્યું હતું. તેના દ્વારા તપાસ કરવા માટે ઇન્સ્ટાગ્રામ પર એક અલગ નામથી બીજું એકાઉન્ટ બનાવવામાં આવ્યું હતું. જાતીય રીતે સૂચક સામગ્રીમાં મહિલાઓને ખુલ્લાં કપડાં પહેરેલી અને જાતીય અર્થ ધરાવતા શબ્દોનો ઉપયોગ કરતી પોસ્ટ મૂકતી બતાડવામાં આવતી હતી. જાતીય રીતે ઉત્તેજક સામગ્રીની તપાસ કરવા માટે અલગ નામથી બનાવેલા એક ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટે આ મહિલાઓ સહિત ૧૦ લોકોને ફોલો કરવાનું

શરૂ કર્યું. એક અઠવાડિયા કરતાં પણ ઓછા સમયમાં ઇન્સ્ટાગ્રામે તેના ફીડમાં એવી જાહેરાતો બતાવવાનું શરૂ કર્યું, જેમાં મહિલાઓને વીડિયો કોલ ઓફર કરતી અને નગ્ન પુરુષો અને સ્ત્રીઓ સાથે સેક્સ કરતી દર્શાવવામાં આવી હતી. થોડા જ દિવસોમાં એવી જાહેરાતો દેખાવા લાગી, જેમાં બાળકોને પુખ્ત વયનાં લોકો સાથે જાતીય સંબંધો બાંધતાં દર્શાવવામાં આવ્યાં હતાં અને તેની સાથે ટેલિગ્રામ ચેનલોની લિંક્સ પણ હતી.

અલગ નામથી બનાવેલા એકાઉન્ટમાં પુખ્ત વયનાં લોકો માટે પોર્નોગ્રાફી ધરાવતી ૨૦ જાહેરાતો પણ બતાવવામાં આવી હતી. ફીડમાં બાળકોના જાતીય શોષણ અને હિંસાને પ્રોત્સાહન આપતી કુલ ૩૦ જાહેરાતો દેખાઈ હતી. આમાંથી ઘણી જાહેરાતો વિવિધ એકાઉન્ટો દ્વારા વારંવાર શેર કરવામાં આવી હતી. એક જાહેરાતમાં એક છોકરો અને એક છોકરી, જે લગભગ ૧૨ વર્ષનાં દેખાતાં હતાં, તેમને સેક્સ કરતાં દર્શાવવામાં આવ્યાં હતાં. બીજી એક જાહેરાતમાં એક પુરુષ એક છોકરીના ખભા પર હાથ રાખીને કહેતો હતો કે તે ૫૨ વર્ષનો છે અને છોકરી ૧૨ વર્ષની છે. જાહેરાતમાં "વધુ જોવા માટે ક્લિક કરો' લખ્યું હતું અને તેમાં ટેલિગ્રામ ચેનલની લિંક હતી.

બીબીસીએ ઇન્સ્ટાગ્રામને એક જાહેરાત પર રિપોર્ટ આપ્યો હતો, જેમાં એક ખૂબ જ નાની છોકરી રડતી દેખાઈ હતી અને તેની સાથે લખાણ હતું, જેમાં તેની પર જાતીય હુમલો થયો હોવાનું સૂચવવામાં આવ્યું હતું. માત્ર ૨૪ કલાક પછી ઇન્સ્ટાગ્રામે જવાબ આપ્યો કે તેમણે જાહેરાત દૂર કરી નથી કારણ કે "અમારી સમીક્ષા ટીમને જાણવા મળ્યું છે કે તે જાહેરાત અમારા સમુદાય ધોરણોનું ઉલ્લંઘન કરતી નથી.' મેટાએ પાછળથી બીબીસીને જણાવ્યું હતું કે કોઈ પણ સિસ્ટમ સંપૂર્ણ નથી હોતી અને અમારી સમીક્ષા પ્રક્રિયાઓ બધાં ઉલ્લંઘનોને પકડી શકતી નથી. અમે જાહેરાતો લાઇવ થયા પછી સતત સક્રિય શોધ ટેકનોલોજી ચલાવીએ છીએ. જે કોઈ માને છે કે જાહેરાત અમારા નિયમોનો ભંગ કરી રહી છે તે તેની જાણ કરી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે જ્યારે તેમને બાળશોષણની જાણ થાય છે ત્યારે તેઓ કાયદા દ્વારા જરૂરી હોય તે મુજબ નેશનલ સેન્ટર ફોર મિસિંગ એન્ડ એક્સપ્લોઇટેડ ચિલ્ડ્રન (NCMEC) ને તેની જાણ કરે છે. NCMEC એ ઇન્ટરનેટ પર બાળકોનાં જાતીય શોષણ અને હિંસાની જાણ કરવા માટેની વૈશ્વિક સિસ્ટમ છે.

મેટા માટે જાહેરાતો આવકનો મુખ્ય સ્રોત છે. આ કારણે જ મેટા દ્વારા વાંધાજનક જાહેરાતો માટે કુમળું વલણ દાખવવામાં આવે છે. જાન્યુઆરીમાં, મેટાએ અહેવાલ આપ્યો હતો કે નાણાંકીય વર્ષ ૨૦૨૫ માં તેની ૨૦૦ અબજ ડોલરની આવકનો ૯૮ ટકા હિસ્સો જાહેરાતોમાંથી આવ્યો હતો. વિશ્લેષકોનો અંદાજ છે કે ઇન્સ્ટાગ્રામની ૯૦ ટકા આવક જાહેરાતોમાંથી આવે છે. જ્યારે નિયમિત પોસ્ટ મેટાના પ્લેટફોર્મ પર કોઈ પ્રતિબંધ વિના અપલોડ કરી શકાય છે, ત્યારે મેટા કહે છે કે પ્લેટફોર્મ પર દેખાડતાં પહેલાં દરેક જાહેરાતની સમીક્ષા કરવામાં આવે છે. તેની સમીક્ષા સિસ્ટમ જાહેરાતની છબીઓ, વીડિયો, ટેક્સ્ટ, ઓડિઓ, કોને નિશાન બનાવવામાં આવી રહ્યું છે અને વપરાશકર્તાને કઈ લિંક પર નિર્દેશિત કરવામાં આવી રહ્યા છે, તેની તપાસ કરે છે. આ માટે સ્વયંચાલિત ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે. પછી સોફ્ટવેર જાહેરાતને મંજૂરી આપે છે અથવા નકારી કાઢે છે. જ્યારે સોફ્ટવેર પોતાની જાતે નિર્ણય લઈ શકતું નથી ત્યારે તે કેસને સમીક્ષા માટે પોતાનાં કર્મચારીઓને મોકલે છે. માર્ચમાં મેટાએ જાહેરાત કરી હતી કે તે થર્ડ પાર્ટી માનવ મધ્યસ્થીઓ પરની નિર્ભરતા ઘટાડી રહી છે અને AI ટેક્નોલોજીનો ઉપયોગ વધારી રહી છે.

ફેસબુકના ભૂતપૂર્વ વાઇસ પ્રેસિડેન્ટ બ્રાયન બોલેન્ડે જણાવ્યું હતું કે ઇન્સ્ટાગ્રામનું અલ્ગોરિધમ વપરાશકર્તાઓને થોડી વધુ આત્યંતિક, થોડી વધુ જાતીય ઉત્તેજના આપતી સામગ્રી બતાવીને પ્લેટફોર્મ પર ચોંટાડી રાખવા માટે રચાયેલું છે. એવું નથી કે અલ્ગોરિધમ્સ નક્કી કરે છે કે લોકોને બાળ જાતીય દુર્વ્યવહાર અથવા હિંસા માટે ઉશ્કેરવાં જોઈએ કે નહીં, પરંતુ જ્યારે તેઓ જવાબદારીપૂર્વક નિયંત્રિત ન હોય અને તેમનો એકમાત્ર હેતુ ક્લિક્સ અને આવક વધારવાનો હોય, ત્યારે આવાં પરિણામો આવી શકે છે. બ્રાયન બોલેન્ડે ૨૦૦૯ થી ૨૦૨૦ સુધી કંપની માટે કામ કર્યું હતું અને તેના જાહેરાત અને માર્કેટિંગ વ્યવસાયને સદ્ધર બનાવવામાં મદદ કરી હતી. તેમણે કંપની છોડી દીધી, કારણ કે તેમને ખાતરી હતી કે તેઓ વપરાશકર્તા વિશે બિલકુલ વિચારતા નથી.બ્રાયન બોલાન્ડે આ વર્ષની શરૂઆતમાં અમેરિકાના ન્યુ મેક્સિકો રાજ્યમાં મેટા સામેના મુકદ્દમામાં જુબાની આપી હતી, જેમાં તેમના પર પ્લેટફોર્મો દ્વારા બાળકોની સલામતી અંગે વપરાશકર્તાઓને ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. કોર્ટે મેટાને ન્યૂ મેક્સિકોને ૩૭.૫ કરોડ ડોલર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. તે સમયે મેટાના પ્રવક્તાએ કહ્યું હતું કે કંપની આ નિર્ણય સાથે અસંમત છે અને અપીલ કરવાનો ઇરાદો ધરાવે છે. ઓનલાઇન ગુનાઓનો સામનો કરી રહેલાં બાળકો માટેની હેલ્પલાઇન ચલાવતી મુંબઈ સ્થિત NGO ધરતી ફાઉન્ડેશનના જણાવ્યા અનુસાર તેમને મેટાના પ્લેટફોર્મ પરથી બાળકોનાં જાતીય શોષણ અને હિંસક સામગ્રીના મહત્તમ અહેવાલો મળે છે. આ કંપનીઓ એટલી બધી શક્તિશાળી બની ગઈ છે કે ભારત જેવા દેશની સરકારો પણ તેમને કાંઈ કરી શકતી નથી, કારણ કે તેઓ સરકારને કમાણી કરાવે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

મેટા માટે જાહેરાતો આવકનો મુખ્ય સ્રોત છે. મેટાએ અહેવાલ આપ્યો હતો કે નાણાંકીય વર્ષ ૨૦૨૫ માં તેની ૨૦૦ અબજ ડોલરની આવકનો ૯૮ ટકા હિસ્સો જાહેરાતોમાંથી આવ્યો હતો

BUSINESS મિત્ર

ગ્લોબલ ટેન્શન ઘટ્યું, હવે ક્વાર્ટરલી પરિણામોની મોસમ

જેની પાછળ શેરબજારમાં વધઘટ જોવા મળશે

કમાણીની મોસમ શરૂ થતાં 'સ્ટોક સ્પેસિફિક' ધમાકો થશે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 4: ભારતીય શેરબજારમાં સપ્તાહ દરમ્યાન વૈશ્વિક અનિશ્ચિતતા ઘટતા સુધારો જોવાયો હતો. જોકે, આ સપ્તાહમાં પણ સ્ટોક સ્પેશિફિક તેજી જોવા મળી હતી. બીજી તરફ, યુએસ લેબર માર્કેટ નબળું પડ્યું હતું. જેથી ફેડરલ રિઝર્વના દરમાં ઘટાડાની અપેક્ષાને મજબૂત બનાવે છે. જેનાથી શેરબજારને બુસ્ટ મળશે. યુરોપ, યુરોઝોન ફુગાવો હળવો થયો, જ્યારે યુરોપિયન કમિશને ડયુટી ફ્રી સ્ટીલ આયાત ક્વોટામાં ઘટાડો કર્યો.

આગામી સપ્તાહમાં ભારતીય શેરબજારમાં દિગ્ગજ આઈટી કંપની ટીસીએસના પરિણામો જાહેર થનારા છે, જેથી આગામી સપ્તાહમાં ક્વાર્ટરલી પરિણામોની મોસમ શરૂ થશે, જેની પાછળ સ્ટોક અને સેકટરમાં વધઘટ જોવા મળશે. આમ, વૈશ્વિક અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા નહીં રહે તો શેરબજારમાં વધુ એક સપ્તાહ સ્ટોક સ્પેશિફિક રહે તેવું અનુમાન કરાઇ રહ્યું છે.

જોકે, વૈશ્વિક સ્તરે ગત સપ્તાહના અંતમાં અમેરિકા-ઈરાની હુમલાઓએ પુરવઠાની ચિંતાઓને ફરીથી જીવંત કરી હતી, જેથી યુદ્ધ વિરામ હજુય નાજુક સ્થિતિમાં છે. જોકે, યુએશ લેબર ડેટા નબળા આવતા ફેડરેટ વધવાની શક્યતા નહીંવત થઈ જતાં શેરબજારના માટે લાભદાયક બની શકે છે. જોકે, વૈશ્વિક સ્તરે શાંતિનો માહોલ રહેશે તો જ બજારને લાભદાયી બની રહેશે, તેવું નિષ્ણાતોનું માનવું છે.

વિતેલા સપ્તાહ દરમ્યાન સેન્સેક્સ 663.44 પોઈન્ટ એટલે કે 0.86 ટકા વધીને 77763.91 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે નિફ્ટી 215.50 પોઈન્ટ એટલે કે 0.90 ટકા વધીને 24271.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 1.18 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઈન્ડેક્સ 1.12 ટકા વધ્યા હતા.

મેક્રો ઇકોનોમીની દ્રષ્ટિએ આઈઆઈપીમાં સુધારો જોવાયો હતો, જ્યારે સર્વિસીસ સેકટરના પીએમઆઈ થોડાક નબળા રહ્યા હતા. જેની સાથે મેન્યુફેકચરીંગ પીએમઆઇ ડેટા પણ સહેજ ઓછા આવ્યા છે. જોકે, જેની અર્થતંત્ર પર મોટી અસર પડશે નહીં. જીએસટી કલેકશન વાર્ષિક ધોરણે 13.9 ટકા વધીને 1.94 લાખ કરોડની ઉપર નીકળી ગયં છે, જે 13 મહિનામાં સૌથી ઝડપી વાર્ષિક વૃદ્ધિ છે. જે ભારતીય અર્થતંત્ર મજબૂત હોવાના સંકેત આપી રહ્યા છે.

બ્રોડર માર્કેટમાં પસંદગીના મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તેજીનો માહોલ આગળ વધી રહ્યો છે, જે પૈકી આ કંપનીઓના આવનારા સમયમાં ક્વાર્ટરલી પરિણામો સુંદર આવશે તો વધુ મજબૂત થવાની પુરેપુરી શકયતા છે. હાલમાં લાર્જકેપ કરતા મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ વધુ સારૂં પ્રદર્શન કરી રહ્યું છે.

ખોટી મેળવેલ ITC તરત જ રિવર્સ કરી છતાં કલમ 74 હેઠળ માંગણું ઊભું કરતો આદેશ ગેરકાયદેસર છે

નામદાર ઓરિસ્સા હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ...

ઈશ્વર રૂદલાલ

ખોટી ITC મેલવેલ હોવાની અધિકારીએ જાણ કરતા તે ITC તુરત જ રિવર્સ કરી હોવા છતાં કલમ 74 હેઠળ આદેશ કરીને વેરા, વ્યાજ અને દંડનું માંગણું ઊભુ કરતો આદેશ ગેરકાયદેસર હોવાનો ચૂકાદો તાજેતરમાં નામદાર ઓરિસ્સા હાઈકોર્ટે આપ્યો છે. ખેર' નામદાર હાઈકોર્ટના મનોજકુમાર નાયક વિ. કમિશ્નર ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ ટી.પી. (સી)નં. 12682/2025ના તા. 8/4/26 ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

હકીકત...

વેપારી GST કાયદા હેઠળ નોંધાયેલ છે અને ટ્રાન્સપોર્ટેશન અને વર્કસ કોન્ટ્રાકટના વ્યવસાય સાથે સંકળાયેલ છે. ખાતાના સુપ્રિન્ટેન્ડટ દ્વારા DGGIની તા. 19-3-24ની એલર્ટનોટને આધારે તા. 12-7-24ના પત્રથી વેપારીને જાણ કરવામાં આવી કે તેઓએ કલકતાના એક વેપારી પાસેથી માંગેલ ITC બોગસ હતી. તો વેપારીએ આ નોટિસ મળતા જ તેમના દ્વારા ભરવામાં આવેલ ત્યાર પછીના રિટર્નોમાં આ ITC રિવર્સ કરી દેવામાં આવી. આમ છતાં આ અધિકારી દ્વારા કલમ 74 હેઠળનો તા. 3-2-2025નો આદેશ પસાર કરીને ખોટી માંગેલ ITC તેના વ્યાજ અને દંડનું માંગણુ ઊભું કરતો આદેશ પસાર કરવામાં આવતા વેપારી તરફથી સદરહુ આદેશને નામદાર ઓરિસ્સા હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો.

દલીલ...

વેપારીના વિધ્વાન એડવોકેટ તરફથી રજૂઆત કરવામાં આવી કે વેપારી દ્વારા છેતરપિંડી કરીને, ખોટી રજૂઆત કરીને કે હક્કીત છૂપાવીને કરચોરી કરવામાં આવી હોવા બાબતે કલમ 74ની સત્તાનો ખોટો ઉપયોગ અધિકારી કરી શકે નહીં અધિકારીએ સ્વતંત્ર વિચાર કર્યા વગર, ફકત DGGIની એલર્ટ નોટિસ પર આધાર રાખીને કલમ 74નો ખોટો ઉપયોગ કર્યો છે. આ કેસમાં કલમ 74 હેઠળ નોટિસ બજાવવામાં આવી તે પહેલાં મેળવેલ ITC વેપારીએ રીવર્સ કરી દીધી છે અને તેથી કલમ 74 હેઠળની નોટીસ અને ઓર્ડર ગેરકાયદેસર છે.

ચૂકાદો...

નામદાર હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે આ કેસમાં સપ્લાયર અસ્તિત્વમાં ન હોવાનું DGGI દ્વારા જાણ કરવામાં આવતા અધિકારી એવા નિષ્કર્ષ પર આવ્યા કે વેપારીએ બોગસ બિલોના આધારે ITC મેળવેલ હતી.

અધિકારી પોતાની સ્વતંત્ર વિચારણા કર્યા વગર, ફકત DGGIની નોંધને આધારે કલમ 74નો ઉપયોગ કરી શકે નહીં અને તેથી કલમ 74નો આદેશ ગેરકાયદેસર છે.

ના.હાઈકોર્ટે નામદાર સુપ્રિમકોર્ટે નામદાર સુપ્રિમકોર્ટના ચૂકાદાઓનો આદાર લીધો કે જેમાં ઠરાવવામાં આવ્યું હતું કે ફક્ત વેરો ચૂકવવામાં ન આવ્યો તેટલા જ કારણસર કલમ 74 હેઠળ કાર્યવાહી ન થઈ શકે.

ના.હાઈકોર્ટે સેન્ટ્રલ વોર્ડનો તા. 17-7-23નો સરકયુલર ધ્યાને લીધો, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ઈલેકટ્રોનીક ક્રેડિટ લેજરમાં, ખોટી લીધેલ ITC કરતાં વધુ બેલન્સ હાજર હોય તો, કલમ 50 હેઠળ વ્યાજ લાગી શકે નહીં.

આ કેસમાં કારણદર્શક નોટિસ બજાવવામાં આવી તે પહેલાં વેપારીએ ખોટી ITC રિવર્સ કરી દીધી છે અને તેથી કલમ 74 હેઠળનો ઓર્ડર ગેરકાયદેસર છે તો તા. 17-7-23ના સરકયુલરને આધારે કોઈ વ્યાજ લાગી શકે નહીં તો કોઈ વેરાનું ભારણ જ ઊભું થતું નથી અને તેથી દંડ પણ લાદી શકાય નહીં એમ જણાવી, સુપ્રિન્ટેન્ડટે પસાર કરેલો તા. 3-2-25નો ઓર્ડર કાયદામાં ટકી શકે નહીં એમ જણાવી દૂર કરી, લાદવામાં આવેલો વેરો, વ્યાજ અને દંડ ના.હાઈકોર્ટે રદ કરેલ છે.

TCSના રિઝલ્ટ પર આખા માર્કેટની નજર

નબળી માંગ અને ગ્લોબલ પડકારો વચ્ચે દેશની સૌથી મોટી IT કંપનીના પરિણામો નક્કી કરશે બજારની દિશા

પ્રોફિટ રૂ.૧૪,૨૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ

મુંબઈ, તા. 4: નાણાકીય વર્ષ 2027ના પ્રથમ ક્વાર્ટર માટે કમાણીની મોસમ આવતા સપ્તાહે શરૂ થશે. દેશની સૌથી મોટી આઈટી સર્વિસ કંપની ટીસીએસ નાણાકીય વર્ષ 2027ના પ્રથમ ક્વાર્ટરના પરિણામો 9મી જુલાઈએ જાહેર કરશે.

એઆઈના હાઉંના પગલે આઈટી શેરો દબિણ હેઠળ છે, ત્યારે આ પ્રથમ ક્વાર્ટરના પરિણામો ઉપર બજારની નજર રહેશે. હાલમાં ટીસીએસના શેરની કિંમત રૂ. 2088ના સ્તર પર કારોબાર કરી રહ્યા છે અને તેની કિંમત સ્થિર છે.

દરેક ક્વાર્ટરની જેમ આ વખતે પણ ટીસીએસના પરિણામો સમગ્ર આઈટી સેક્ટરની નિર્ણાયક દિશા માનવામાં આવે છે. આનું કારણ એ છે કે ટીસીએસ પહેલા પરિણામો જાહેર કરે છે અને તે પછી રોકાણકારોને અન્ય મોટી આઈટી કંપનીઓનું પ્રદર્શન કેવું હોઈ શકે છે તેનો ખ્યાલ આવે છે. વૈશ્વિક અર્થતંત્રમાં અનિશ્ચિતતા, યુએસ અને યુરોપમાં કોર્પોરેટ આઈટી ખર્ચમાં મંદી અને ગ્રાહકો દ્વારા મોટા પ્રોજેક્ટ્સ મુલતવી રાખવા જેવા પડકારો વચ્ચે, ટીસીએસનું પ્રદર્શન રોકાણકારો માટે નિર્ણાયક રહેશે. પરંતુ ટીસીએસના પરિણામો બતાવશે કે મુશ્કેલ સમયમાં આઈટી કંપનીઓ પર તેની અસર કેવી રહી છે.

વિશ્લેષકોનું માનવું છે કે ટીસીએસનો પ્રથમ ક્વાર્ટર ખુબ નબળો નહીં હોય અને કમાણીમાં ખૂબ મોટી વૃદ્ધિ નહીં હોય. માર્ચ ક્વાર્ટરની તુલનામાં કંપનીની આવક લગભગ સ્થિર રહેવાની અથવા નજીવો વધારો નોંધાવવાની અપેક્ષા છે. ચોખ્ખો નફો 13700 કરોડ રૂપિયાથી 14200 કરોડ રૂપિયાની વચ્ચે રહેવાનો અંદાજ છે. ઓપરેટિંગ માર્જિન 24થી 25 ટકાની આસપાસ રહેવાની ધારણા છે.

જો વાર્ષિક ધોરણે સરખામણી કરવામાં આવે તો કંપનીની આવક અને નફો બંનેમાં વધારો જોવા મળી શકે છે. આનું કારણ એ છે કે છેલ્લા એક વર્ષમાં ટીસીએસએ ઘણા મોટા ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને એઆઇ પ્રોજેક્ટ્સ હાંસલ કર્યા છે, જેની અસર ધીમે ધીમે આવકમાં દેખાવા લાગી શકે છે. જો કે, ત્રિમાસિક ધોરણે વૃદ્ધિ મર્યાદિત રહેવાની સંભાવના વધુ છે કારણ કે એપ્રિલ-જૂનના સમયગાળામાં આઈટી ઉદ્યોગની માંગ નબળી રહી હતી.

દેશના રિયલ એસ્ટેટ સેક્ટરના રોકાણમાં 70 ટકાનો વધારો

કોમર્શિયલ મિલકતોના રોકાણમાં આકર્ષણ વધ્યું

મુંબઈ, તા. 4 : ભારતનું રિયલ એસ્ટેટ ક્ષેત્ર હાલમાં રોકેટ ગતિએ દોડી રહ્યું છે. એપ્રિલ-જૂન 2026ના ક્વાર્ટર દરમિયાન આ સેક્ટરે વાર્ષિક ધોરણે 70% ના જંગી ઉછાળા સાથે $2.9 બિલિયન (આશરે 25,000 કરોડ) નું રેકોર્ડબ્રેક સંસ્થાકીય રોકાણ મેળવ્યું છે. પ્રોપર્ટી કન્સલ્ટન્સી કોલિયર્સના રિપોર્ટ અનુસાર, વર્ષ 2026ના પ્રથમ છ મહિનામાં કુલ રોકાણ $4.5 બિલિયન પર પહોંચી ગયું છે, જે છેલ્લા 6 વર્ષનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

પશ્ચિમ એશિયામાં ભૌગોલિક-રાજકીય તણાવ હોવા છતાં, ગ્લોબલ ઈન્વેસ્ટર્સનો ભારત પરનો ભરોસો ડગ્યો નથી. કુલ રોકાણમાં વિદેશી રોકાણકારોનો હિસ્સો 54% ($1.54 બિલિયન) અને સ્થાનિક રોકાણકારોનો હિસ્સો 46% રહ્યો છે.

ઓફિસ અને ડેટા સેન્ટર્સ સુપરહિટ: રોકાણકારોએ સૌથી વધુ પસંદગી વ્યાપારી પ્રોજેક્ટ્સ પર ઉતારી છે. પ્રથમ છ મહિનામાં ઓફિસ સેગમેન્ટમાં $1.9 બિલિયન (40% થી વધુ) નું રોકાણ આવ્યું છે. જોકે, આ ગાળામાં રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટમાં રોકાણ 43% ઘટ્યું છે.

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૬૦૦
એમ-૩૦	૪૫૫૦
એસ-૩૦	૪૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૪૫૦
એસ-૩૦	૪૩૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૦૫૦૦
તેજાબી સોનું	૧૫૦૪૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૨૯૭૫
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૪૭૪૯૦
સોનાનાં બિસ્કીટ	૧૫૦૫૦૦૦
ચાંદી (૯૯૯)	૨૩૯૭૦૦
ચાંદી સિક્કા	૨૪૧૨૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફ્લાવર	૨૫૮૦
ક્પાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
ક્પાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
ક્પાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ''	૧૩૩.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૮	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૬	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૧
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૪	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૦	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૨	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૬
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૦	૧૦૦ ટેક્ષ	૧૩૯	૬૮ ક્રિમ્પ	૧૪૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૮	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૨
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૯	૮૦/૭૨ રોટો	૧૪૩	૭૫ ક્રિમ્પ	૧૪૧
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૩૯
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫